પેજ 3

## ગ્રેમી એવોર્ડ્સ: કેન્ડ્રિક લેમરે રચ્યો ઈતિહાસ, દલાઈ લામાએ જીત્યો પ્રથમ ગ્રેમી



**લેમરે** કુલ 26 ગ્રેમી એવોર્ડ્સ જીતી જે-ઝેડનો રેકોર્ડ તોડ્યો

લોસ એન્જલસ, તા. 2: લોસ એન્જલસમાં આયોજિત 68માં ગ્રેમી એવોર્ડ્સ 2026માં સંગીત દુનિયાના દિગ્ગજોનો દબદબો જોવા મળ્યો હતો. આ વર્ષે રેપર કેન્ડ્રિક લેમરે ઈતિહાસ રચી દીધો છે. તેણે કુલ 9 નોમિનેશનમાંથી બેસ્ટ રેપ આલ્બમ અને બેસ્ટ રેપ સોન્ગ સહિતના મહત્વના એવોર્ડ્સ જીત્યા છે. આ જીત સાથે લેમર પાસે હવે કુલ 26 ગ્રેમી એવોર્ડ્સ થયા છે અને તેણે આ શ્રેણીમાં સૌથી વધુ એવોર્ડ જીતવાનો જે-ઝેડનો રેકોર્ડ તોડી નાખ્યો છે. બીજી તરફ, 90 વર્ષીય તિબેટિયન આધ્યાત્મિક ગુરુ દલાઈ લામાએ તેમના આલ્બમ 'મેડિટેશન: ધ રિફ્લેક્શન્સ ઓફ હિઝ હોલીનેસ' માટે બેસ્ટ ઓડિયો બુક કેટેગરીમાં પોતાનો પ્રથમ ગ્રેમી એવોર્ડ જીતીને સૌને ચોંકાવી દીધા હતા.ટ્રેવર નોઆ દ્વારા હોસ્ટ કરાયેલા આ સમારોહમાં લેડી ગાગા, જસ્ટિન બીબર અને સબરીના કાર્પેન્ટર જેવા કલાકારોએ શાનદાર પરફોર્મન્સ આપ્યું હતું. લેડી ગાગાએ સાત નોમિનેશન સાથે 'સોન્ગ ઓફ ધ યર' (અબ્રાકાડાબ્રા) અને બેસ્ટ પોપ વોકલ આલ્બમ જેવા એવોર્ડ્સ પોતાના નામે કર્યા હતા. આ સિવાય સ્ટીવન સ્પીલબર્ગે પણ મ્યુઝિક ફિલ્મ માટે એવોર્ડ જીતીને પ્રતિષ્ઠિત ઈજીઓટી (એમી, ગ્રેમી, ઓસ્કાર, ટોની) સ્ટેટસ પૂર્ણ કર્યું હતું. આ વર્ષે કે-પોપ સંગીતે પણ પ્રથમ વખત ગ્રેમીમાં જીત નોંધાવીને ઈતિહાસ રચ્યો હતો.

મહત્વની કેટેગરી અને વિજેતાઓની યાદી:

| કેટેગરી | વિજેતા (કલાકાર/આલ્બમ) |
|---|---|
| એલ્બમ ઓફ ધ યર | બેડ બની (ડેબતિરાર એમએસ ફોટોસ) |
| રેકોર્ડ ઓફ ધ યર | કેન્ડ્રિક લેમર અને એસઝેડએ (લુથેર) |
| સોન્ગ ઓફ ધ યર | લેડી ગાગા (અબ્રાકાડાબ્રા) |
| બેસ્ટ રેપ એલ્બમ | કેન્ડ્રિક લેમર (જીએનએક્સ) |
| બેસ્ટ પોપ વોકલ એલ્બમ | લેડી ગાગા (મેહમ) |
| બેસ્ટ ઓડિયો બુક/નરેશન | દલાઈ લામા (મેડિટેશન) |

## ગ્રેમી 2026: 4 વર્ષ બાદ જસ્ટિન બીબરનું સ્ટેજ પર કમબેક, પણ ગાયકી કરતા 'આઉટફિટ' વધુ ચર્ચાયું!



લોસ એન્જલસ, તા. 2: 2022 પછીના મુખ્ય જાહેર પર્ફોર્મન્સના વિરામ બાદ ગ્લોબલ પોપ સ્ટાર જસ્ટિન બીબરે 2026 ગ્રેમી એવોર્ડ્સમાં સ્ટેજ પર ખૂબ જ ઉત્સાહપૂર્વક વાપસી કરી હતી. ગાયકે લોસ એન્જલસના ક્રિપ્ટો ડોટ કોમ એરેનામાં પર્ફોર્મ કર્યું અને તેના આલ્બમ 'સ્વગ'ના ગીત 'યુકોન' પર એક યાદગાર પ્રસ્તુતિ આપી. તેના પર્ફોર્મન્સ માટે તેણે જાંબલી સાટિન બોક્સર્સ અને કાળાં મોજાંની એક વિચિત્ર જોડી પસંદ કરી હતી, જેને જોઈને ચાહકો ચોંકી ગયા હતા. ઘણા નેટીઝન્સ તેના આઉટફિટની પસંદગીથી આશ્ચર્યચકિત થઈ ગયા હતા, જેમાં કેટલાક લોકોએ ટ્વિટ કર્યું હતું કે, ''ક્યારેય વિચાર્યું નહોતું કે અમે 2026માં ગ્રેમીમાં જસ્ટિન બીબરને તેના અન્ડરવેરમાં બધા કરતાં ચડિયાતો જોશું'' અને ''તેણે પેન્ટ કે શર્ટ કેમ નથી પહેર્યું?'' બીબરે 2026ના ગ્રેમી સ્ટેજ પર બોલ્ડ લુક સાથે સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

## સ્ટીવન સ્પીલબર્ગનો ગ્રેમીમાં વિજય: મનોરંજન જગતનું સર્વોચ્ચ 'EGOT' સ્ટેટસ હાંસલ કર્યું




દિગ્ગજ ફિલ્મમેકર સ્ટીવન સ્પીલબર્ગે 68માં ગ્રેમી એવોર્ડ્સમાં તેમનો પ્રથમ ગ્રેમી જીત્યો છે. તેમને આ એવોર્ડ 'બેસ્ટ મ્યુઝિક ફિલ્મ' કેટેગરીમાં મળ્યો છે. આ ફિલ્મમાં તેમણે પ્રખ્યાત સંગીતકાર જોન વિલિયમ્સના જીવન અને તેમના સિનેમામાં યોગદાનને દર્શાવ્યું છે. EGOT ક્લબમાં પ્રવેશ: આ જીત સાથે સ્પીલબર્ગ હવે વિશ્વના એવા ગણ્યા-ગાંઠ્યા કલાકારોની યાદીમાં સામેલ થઈ ગયા છે જેમની પાસે EGOT એટલે કે ચારેય પ્રતિષ્ઠિત એવોર્ડ્સ છે:

E (Emmy): ટેલિવિઝન માટે
G (Grammy): સંગીત માટે (2026માં જીત્યો)
O (Oscar): ફિલ્મો માટે
T (Tony): થિયેટર માટે

## દુબઈમાં અલ્લુ શિરીષ અને નયનિકાની 'રોયલ' પ્રિ વેડિંગ યોટ પાર્ટી



દુબઈ, તા. 2: અલ્લુ અર્જુનના નાના ભાઈ અલ્લુ શિરીષે સત્તાવાર રીતે નયનિકા રેડ્ડી સાથે તેમનાં લગ્નની ઉજવણી શરૂ કરી દીધી છે. તેમના માર્ચમાં યોજાનાર લગ્ન પહેલાં આ યુગલે દુબઈમાં પ્રી-વેડિંગ પાર્ટીનું આયોજન કર્યું હતું, જેમાં નજીકના મિત્રો અને પરિવારના સભ્યોએ હાજરી આપી હતી. આ ઉજવણીના ફોટા અને વીડિયો હવે સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે, જેમાં ચાહકોને આ ખુશીની ક્ષણોની ઝલક જોવા મળે છે. પ્રી-વેડિંગ સેલિબ્રેશનમાં યોટ પાર્ટીનો સમાવેશ થતો હતો, જ્યાં અલ્લુ શિરીષ અને નયનિકા તેમના પ્રિયજનો સાથે ઉજવણી કરતાં જોવાં મળ્યાં હતાં. એક વીડિયોમાં શિરીષે શેમ્પેઇનની બોટલ ખોલીને હવામાં સ્પ્રે કરી હતી જ્યારે મહેમાનો તેમની આસપાસ જોરશોરથી ચીયર કરી રહ્યા હતા.

## પાકિસ્તાનમાં 'ધુરંધર' નં. 1 પર ટ્રેન્ડ કરી રહી છે




મુંબઈ, તા. 2: પાકિસ્તાનમાં પ્રતિબંધિત હોવા છતાં 'ધુરંધર' નેટફ્લિક્સ પર ભારત અને પડોશી દેશોમાં નંબર 1 પર ટ્રેન્ડ કરી રહી છે. ફિલ્મની ઓટીટી રિલીઝથી નવી ચર્ચા શરૂ થઈ છે અને દર્શકોમાં મતભેદ ઊભા કર્યા છે. 2025ની સૌથી ચર્ચિત ફિલ્મોમાંની એક 'ધુરંધર' ડિસેમ્બર 2025માં તેની થિયેટર રિલીઝ પછી સતત ચર્ચા જગાવી રહી છે. રૂ.1,300 કરોડના વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ કલેક્શન સાથે આ ફિલ્મ અત્યાર સુધીની સૌથી સફળ ભારતીય ફિલ્મોમાંની એક બની ગઈ છે. 30 જાન્યુઆરીના રોજ નેટફ્લિક્સ પર રિલીઝ થયા પછી 'ધુરંધર' ભારત તેમ જ પાકિસ્તાનમાં પણ નં. 1 પર ટ્રેન્ડ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રણવીર સિંહ અને અક્ષય ખન્ના અભિનિત આ ફિલ્મ પાકિસ્તાનમાં સત્તાવાર રીતે પ્રતિબંધિત છે.



ઉત્તર કોરિયાના ઉત્તર પ્યોંગનમાં સિનુઇજુ કમ્બાઈન્ડ ગ્રીનહાઉસ ફાર્મ બનાવવાની કામગીરીમાં જોડાયેલા સૈનિકો સાથે કિમ જોંગ-ઉને સ્મારક તસવીર ખેંચાવવા માટેના એક સત્રમાં ભાગ લીધો હતો તે સમયની આ તસવીર છે.

### યુપીના દેવરિયા જિલ્લાના ભગવાનપુર તિવારી ગામની ઘટના

# મોમોસની લાલચમાં સાતમા ધોરણના વિદ્યાર્થીએ 85 લાખના દાગીના લૂંટાવી દીધા

**મોમોઝ** સ્ટોલ સંચાલકોએ છોકરાને મોમોઝના બદલામાં ઘરેથી ઘરેણાં લાવવા મજબૂર કર્યો

દેવરિયા (યુપી), તા. ૨ (પીટીઆઈ): મોમોસ ખાવાની ઈચ્છાથી શરૂ થયેલી વાત દેવરિયા જિલ્લાના એક પરિવાર માટે આઘાતજનક નુકસાનમાં પરિણમી છે, જ્યાં ધોરણ 7ના એક વિદ્યાર્થીને કથિત રીતે લલચાવીને મોમોઝના બદલામાં તેના ઘરમાંથી આશરે રૂ. 85 લાખની કિંમતનાં ઘરેણાં ત્રણ યુવકોને સોંપવા માટે મજબૂર કરવામાં આવ્યો હતો. તેમ પોલીસે સોમવારે જણાવ્યું હતું.

આ ઘટના રામપુર કારખાના પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ભગવાનપુર તિવારી ગામમાં ત્યારે પ્રકાશમાં આવી જ્યારે છોકરાની કાકી રવિવારે ઘરે આવી અને તેનાં ઘરેણાં માંગ્યાં.

કબાટ ખોલતાં જ પરિવારના સભ્યો એ જોઈને સ્તબ્ધ થઈ ગયા કે તમામ ઘરેણાં ગાયબ હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જ્યારે પૂછપરછ કરવામાં આવી ત્યારે સગીરે ખુલાસો કર્યો કે તેણે દેવરિયા-કસયા રોડ પર ડુમરી ચૌરાહા પર મોમોઝ સ્ટોલ ચલાવતા યુવકોને આ ઘરેણાં આપી દીધાં હતાં.

પોલીસે જણાવ્યું હતું કે છોકરો, જે તેના અભ્યાસ માટે ગામમાં રહે છે, તેને નિયમિતપણે મોમોઝ ખાવાની આદત પડી ગઈ હતી. ફરિયાદ મુજબ, સ્ટોલ સંચાલકો શરૂઆતમાં તેને રોકડમાં મોમોઝ વેચતા હતા. જ્યારે છોકરા પાસેના પૈસા ખતમ થઈ ગયા પછી સ્ટોલ સંચાલક યુવકોએ કથિત રીતે છોકરાને કહ્યું કે, ''પૈસા ન હોય તો ઘરેથી ઘરેણાં લઈ આવ તો અમે તને ઘરણાંના બદલામાં મોમોઝ આપીશું.''

આમ કેટલાક દિવસો સુધી છોકરો કથિત રીતે પરિવારના કબાટમાંથી સોનાની વસ્તુઓ લાવતો રહ્યો અને યુવકોને આપતો રહ્યો.

વારાણસીમાં મંદિરના પૂજારી અને છોકરાના પિતા વિમલેશ મિશ્રાની લેખિત ફરિયાદને આધારે, રામપુર કારખાના પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ 305 (ચોરી) હેઠળ ત્રણ આરોપીઓ સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી.

સ્ટેશન હાઉસ ઓફિસર દેવેન્દ્ર કુમાર સિંહે જણાવ્યું હતું કે, ''બે આરોપીઓ - એક યુવક અને એક મહિલા -ની ધરપકડ કરવામાં આવી છે.

કેવી રીતે આચરાઈ છેતરપિંડી?

**જીભનો ચટકો ભારે પડ્યો:** ભગવાનપુર તિવારી ગામનો સાતમા ધોરણનો વિદ્યાર્થી ડુમરી ચૌરાહા પર નિયમિત મોમોસ ખાવા જતો હતો.

**લાલચ આપી ફસાવ્યો:** જ્યારે બાળકના ખિસ્સા ખર્ચના પૈસા પૂરા થઈ ગયા, ત્યારે મોમોસ સ્ટોલ ચલાવતા યુવકોએ તેને લાલચ આપી કે જો પૈસા ન હોય તો ઘરેથી ઘરેણાં લઈ આવ, બદલામાં અમે તને મોમોસ ખવડાવીશું.

**ધીમે ધીમે કબાટ સાફ:** બાળક દરરોજ ઘરના કબાટમાંથી સોનાની વસ્તુઓ ચોરીને લાવતો રહ્યો અને મોમોસ ખાવા પાછળ લાખોના ઘરેણાં ગુમાવ્યા.

**ભારે નુકસાન:** ચોરી થયેલા ઘરેણાંની અંદાજિત કિંમત રૂ. 85 લાખ હોવાનું જણાવાયું છે.

# ટ્રમ્પે કેનેડી સેન્ટરને રિનોવેશન માટે બે વર્ષ બંધ કરવાની જાહેરાતથી વિવાદ

**કેનેડી** સેન્ટરના રિનોવેશનના બહાને તેને ટ્રમ્પનું નામ આપવાનો વિરોધ, અગ્રણી કલાકારોએ સેન્ટર પરનાં પોતાના કાર્યક્રમો રદ કર્યા



વોશિંગ્ટન, તા. 2 (એપી): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે જાહેરાત કરી હતી કે તેઓ વોશિંગ્ટનના પ્રતિષ્ઠિત 'કેનેડી સેન્ટર' પર્ફોર્મિંગ આર્ટ્સ સેન્ટરને જુલાઈ મહિનાથી બે વર્ષ માટે બાંધકામ અર્થે બંધ કરશે. વ્હાઈટ હાઉસમાં પરત ફર્યા બાદ આ કેન્દ્રના માળખામાં ફેરફાર કરવાનો આ તેમનો તાજેતરનો પ્રયાસ છે.

સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, આ કેન્દ્ર વર્ષોથી આર્થિક અને માળખાકીય રીતે જર્જરિત હાલતમાં છે. તેમણે દાવો કર્યો કે 'ખૂબ જ આદરણીય નિષ્ણાતો'ના સૂચન પર આ નિર્ણય લેવાયો છે, જેથી તેને કળા અને મનોરંજન માટે વિશ્વસ્તરીય ગઢ બનાવી શકાય. જોકે, ટ્રમ્પ કે કેન્દ્રના પ્રમુખ રિક ગ્રેનેલે ઈમારત ખરાબ હાલતમાં હોવાના કોઈ પુરાવા આપ્યા નથી. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે તાજેતરમાં જ ત્યાં ફર્સ્ટ લેડી પર બનેલી ડોક્યુમેન્ટ્રી 'મેલાનિયા' પ્રદર્શિત કરવામાં આવી હતી.

જ્યારથી ટ્રમ્પે આ કેન્દ્રમાં અગાઉના નેતાના નામ બદલીને તેના પર પોતાનું નામ લગાવ્યું છે, ત્યારથી અનેક અગ્રણી કલાકારોએ તેમના કાર્યક્રમો રદ કર્યા છે. પ્રખ્યાત સંગીતકાર ફિલિપ ગ્લાસે તેમની 'સિમ્ફની નં. 15' પાછી ખેંચી લીધી છે. એટલું જ નહીં, આર્ટિસ્ટિક પ્રોગ્રામિંગના વડાએ પદ સંભાળ્યાના બે અઠવાડિયામાં જ રાજીનામું આપી દીધું છે.

1971માં ખુલ્લું મુકાયેલું આ કેન્દ્ર ભૂતપુર્વ પ્રમુખ જોન એફ. કેનેડીનું સ્મારક માનવામાં આવે છે. ટ્રમ્પ દ્વારા ઈમારતના મુખ્ય ભાગ પર પોતાનું નામ લગાવવાના અને ફેરફારો કરવાના પ્રયાસોનો કોંગ્રેસના સભ્યો અને કેનેડી પરિવાર દ્વારા ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. જ્હોન એફ. કેનેડીના ભત્રીજી કેરી કેનેડીએ સોશિયલ મીડિયા પર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે ટ્રમ્પનો કાર્યકાળ પૂરો થતાં તેઓ પોતે ટ્રમ્પનું નામ હટાવી દેશે.

# અમેરિકા સાથે પરમાણુ મંત્રણાના ટેબલ પર આવશે ઈરાન

**પ્રમુખ** મસૂદ પેઝેશ્કિયને આ અંગેના આદેશ આપ્યા

**ઈરાન** આર્થિક પ્રતિબંધો વહેલી તકે હટાવવા માગે છે




તેહરાન, તા. 2: ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયને અમેરિકા સાથે પરમાણુ મંત્રણા ફરી શરૂ કરવાનો આદેશ આપ્યો છે. ઈરાની સરકારી ન્યૂઝ એજન્સી 'ફાર્સ'ના અહેવાલ મુજબ, આ નિર્ણય એવા સમયે લેવાયો છે જ્યારે ઈરાન નજીક અમેરિકી નૌસેનાની વધતી જતી સૈન્ય ગતિવિધિઓને કારણે તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે ભારે તણાવ છે. ગયા મહિને ઈરાનમાં સરકાર વિરોધી દેખાવો પર કરાયેલી હિંસક કાર્યવાહી બાદ, ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર સૈન્ય હુમલાની ધમકીઓ આપી હતી જોકે તેમણે કોઈ કાર્યવાહી કરી ન હતી અને પરમાણુ કાર્યક્રમમાં ઘટાડો કરવાની માગ કરી છે.

ટ્રમ્પે તાજેતરમાં સંકેત આપ્યો હતો કે ઈરાન વાટાઘાટો માટે 'ગંભીરતાથી વાત' કરી રહ્યું છે, જ્યારે ઈરાનના સુરક્ષા અધિકારી અલી લારીજાનીએ પણ સોશિયલ મીડિયા દ્વારા મંત્રણાની તૈયારીઓની પુષ્ટિ કરી છે. જોકે, એક પ્રતિષ્ઠીત સમાચાર સંસ્થાના અહેવાલ મુજબ ટ્રમ્પે વાટાઘાટો માટે ત્રણ મુખ્ય શરતો મૂકી છે: યુરેનિયમ સંવર્ધન શૂન્ય કરવું, બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમ પર મર્યાદા લાદવી અને મધ્ય પૂર્વમાં સશસ્ત્ર જૂથોને ટેકો આપવાનું બંધ કરવું.

ઈરાન આ શરતોને પોતાની સાર્વભૌમત્વ પરનો હુમલો ગણાવીને ફગાવતું આવ્યું છે, પરંતુ ઈરાનના શાસકો માટે હવે મિસાઈલ કાર્યક્રમ એ વાટાઘાટોમાં મોટો અવરોધ બની રહ્યો છે. ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે તેમના માટે સમય કિંમતી છે કારણ કે તેઓ અન્યાયી આર્થિક પ્રતિબંધો વહેલી તકે હટાવવા માગે છે. નોંધનીય છે કે જૂન મહિનામાં ઈરાનના ત્રણ પરમાણુ સ્થળો પર અમેરિકી હુમલા બાદ ઈરાનનો દાવો છે કે તેની સંવર્ધન પ્રવૃત્તિઓ હાલ અટકેલી છે. મે 2023થી ખોરવાયેલી આ મંત્રણા હવે ફરી પાટા પર ચઢે છે કે કેમ તેના પર દુનિયાની નજર છે.



# કોંગોમાં કુદરતનો પ્રકોપ: કોલ્ટન ખાણ ધસી પડતા 227 લોકો જીવતા દફન

**ખાણના** કાટમાળમાં હજી પણ અનેક લોકો દબાયા હોવાની આશંકાથી મૃત્યુઆંક હજી વધી શકે છે

રુબાયા, તા. 2: પૂર્વી ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના રુબાયા વિસ્તારમાં આવેલી એક વિશાળ કોલ્ટન ખાણ ધસી પડતાં ઓછામાં ઓછા 227 લોકોનાં મોત થયાં છે. આ દુર્ઘટના બુધવારે ભારે વરસાદ બાદ થયેલા ભૂસ્ખલનને કારણે થઈ હતી. ખાણના કાટમાળમાં હજી પણ અનેક લોકો દબાયા હોવાની આશંકા છે, જેનાથી મૃત્યુઆંક હજી વધી શકે છે.

સ્થાનિક બળવાખોરો દ્વારા નિમણૂક કરાયેલા પ્રાંતીય ગવર્નરના પ્રવક્તા લુમુમ્બા કામ્બેરે મુયિસાએ જણાવ્યું હતું કે, કાટમાળની લપેટમાં આવનારાઓમાં માત્ર ખાણિયાઓ જ નહીં, પરંતુ ત્યાં હાજર બાળકો અને બજારમાં કામ કરતી મહિલાઓ પણ સામેલ હતી. મુયિસાના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં અત્યારે વરસાદની મોસમ ચાલી રહી છે, જેના કારણે જમીન અત્યંત નબળી અને નાજુક બની ગઈ હતી. જ્યારે લોકો ખાણમાં કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક ઉપરથી જમીન ધસી પડી અને લોકો જીવતા દફન થઈ ગયા હતા.

રુબાયા વિસ્તાર વૈશ્વિક કોલ્ટન ઉત્પાદનનો લગભગ 15% હિસ્સો કવર કરે છે. આ ખનીજને રિફાઈન કરીને 'ટેન્ટેલમ' કાઢવામાં આવે છે, જે મોબાઈલ ફોન, લેપટોપ, એરોસ્પેસ પાર્ટ્સ અને ગેસ ટર્બાઈનમાં વપરાતી એક કિંમતી ધાતુ છે. કમનસીબી એ છે કે વૈશ્વિક ટેક્નોલોજીને ચલાવતું આ ખનીજ અહીં સ્થાનિક મજૂરો દ્વારા માત્ર થોડાક ડોલરની દિહાડી પર જીવના જોખમે કાઢવામાં આવે છે.

# કાશ્મીરમાં 4.7ની તીવ્રતાનો ભૂકંપ

**અત્યાર** સુધી કોઈ નુકસાનના અહેવાલ નથી: અધિકારીઓ

શ્રીનગર, તા. ૨ (પીટીઆઈ): સોમવારે વહેલી સવારે કાશ્મીર ખીણમાં ૪.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે બારામુલ્લા જિલ્લાના પટ્ટણ અને આસપાસના વિસ્તારોમાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી કોઈ નુકસાનના અહેવાલ નથી.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપ સવારે ૫.૩૫ કલાકે ૧૦ કિમીની ઊંડાઈએ આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ પટ્ટણ વિસ્તારમાં હતું, જે પ્રવાસન સ્થળ ગુલમર્ગથી ૧૦ કિમી ઉત્તર-પૂર્વમાં આવેલું છે.

અગાઉ, ભૂકંપની તીવ્રતા ૪.૬ હોવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ બાદમાં તેને સુધારીને ૪.૭ કરવામાં આવી હતી. ધ્રુજારી લગભગ ૨૦ સેકન્ડ સુધી રહી હતી.

કાશ્મીર ખીણ અત્યંત સક્રિય સિસ્મિક (ભૂકંપગ્રસ્ત) વિસ્તારમાં આવેલી છે.

ગયા વર્ષે નવેમ્બરમાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ દ્વારા જાહેર કરવામાં આવેલા નેશનલ સિસ્મિક હેઝાર્ડ મેપમાં કાશ્મીર સહિત સમગ્ર હિમાલયન આર્કને સિસ્મિક ઝોન VIમાં મૂકવામાં આવ્યું છે.

૮ ઓક્ટોબર, ૨૦૦૫ના રોજ ૭.૬ની તીવ્રતાના ભૂકંપમાં નિયંત્રણ રેખા (એલઓસી)ની બંને બાજુએ કાશ્મીરના મોટા ભાગો જમીનદોસ્ત થઈ ગયા હતા, જેના પરિણામે હજારો લોકોનાં મોત થયાં હતાં અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વ્યાપક નુકસાન થયું હતું.

# મ્યાનમારથી 4 અબજ ડોલરનું કૌભાંડ આચરનાર વધુ 4ને ચીને ફાંસી આપી

**આ** નેટવર્ક અપહરણ, ખંડણી, જબરદસ્તી દેહવિક્રય અને ડ્રગ્સની હેરાફેરી જેવા ગંભીર ગુનાઓમાં સામેલ હતું

**મ્યાનમાર,** કંબોડિયા અને લાઓસમાં વ્યાપકપણે ફેલાયેલા સાયબર ફ્રોડ નેટવર્ક સામે બીજિંગ કડક કાર્યવાહી કરી રહ્યું છે

તાઈપેઈ (તાઈવાન), તા. 2 (એપી): ચીને મ્યાનમારમાંથી 4 અબજ ડોલરનું કૌભાંડ અને જુગારનું નેટવર્ક ચલાવવા તેમજ છ ચીની નાગરિકોના મોતના જવાબદાર ચાર ગુનેગારોને ફાંસી આપી છે. દક્ષિણ ચીનની શેનઝેન ઇન્ટરમીડિયેટ પીપલ્સ કોર્ટે સોમવારે સવારે આ ફાંસીની જાહેરાત કરી હતી, કોર્ટે નવેમ્બર મહિનામાં કુખ્યાત 'બાઈ પરિવાર'ના સભ્યો સહિત પાંચ લોકોને મૃત્યુદંડની સજા સંભળાવી હતી. આ જૂથ ચીનની સરહદને અડીને આવેલા મ્યાનમારના કોકાંગ ક્ષેત્રમાં ઇન્ડસ્ટ્રિયલ પાર્ક સ્થાપીને ત્યાંથી ટેલિકોમ કૌભાંડો અને જુગારના અડ્ડા ચલાવતું હતું. આ નેટવર્ક અપહરણ, ખંડણી, જબરદસ્તી દેહવિક્રય અને ડ્રગ્સની હેરાફેરી જેવા ગંભીર ગુનાઓમાં સામેલ હતું. તેઓએ કુલ 29 અબજ યુઆન (4.2 અબજ ડોલર)ની છેતરપિંડી આચરી હતી. અદાલતે આ ગુનાઓને અત્યંત જઘન્ય ગણાવ્યા હતા અને નોંધ્યું હતું કે તેનાથી સમાજ સામે મોટું જોખમ ઊભું થયું છે. મુખ્ય નેતા બાઈ સુઓચેંગનું દોષિત જાહેર થયા બાદ બીમારીને કારણે મૃત્યુ થયું હતું, જ્યારે બાકીના ચારની ફાંસીની સજાને હાઈકોર્ટે પણ માન્ય રાખી હતી. ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે પણ મ્યાનમારમાં સ્કેમ સેન્ટરો ચલાવવાના આરોપમાં અન્ય 11 લોકોની ફાંસીની જાહેરાત કરવામાં આવી હતી. આ ફાંસી એ દક્ષિણ-પૂર્વ એશિયામાં, ખાસ કરીને મ્યાનમાર, કંબોડિયા અને લાઓસમાં વ્યાપકપણે ફેલાયેલા સાયબર ફ્રોડ નેટવર્ક સામે બીજિંગની કડક કાર્યવાહીનો એક ભાગ છે. હાલમાં ચીન અને અમેરિકા સહિત અન્ય દેશો દ્વારા આ ગુનાખોરીને રોકવા માટે મ્યાનમાર અને પાડોશી દેશો પર ભારે દબાણ કરવામાં આવી રહ્યું છે.